### ૧૪ માગણીઓ સાથે ભૂતપૂર્વ સૈનિકોનું ગાંધીનગરમાં આંદોલન

# સૈનિક સંગઠનોની પાંચ માંગણીનો સ્વિકાર

### શહીદ જવાનના પરિવારને ૧ કરોડની સહાયની સાથે માતા-પિતાને માસિક ૫ હજારની સહાયનો સમાવેશ

ગાંધીનગર, તા.૨૨

રાજ્ય સરકારે ૧૪ માંગણીઓ સાથે આંદોલન પર ઉતરેલા માજી સૈનિકોના સંગઠનની ૫ માંગણીઓ સ્વીકાર્ય રાખી છે. ઉલ્લેખનીય છે કે, માજી સૈનિકો છેલ્લા ઘણાં સમયથી પડતર માંગણીઓ મામલે રજૂઆત કરી રહ્યા હતા. આખરે આજે માજી સૈનિકો અને તેમના સમર્થકો સફેદ કપડામાં સહપરિવાર ગાંધી નગર પહોંચ્યા હતા અને મોટા પાયે આંદોલનના મંડાણ કર્યા હતા ત્યાર બાદ રાજ્ય સરકારે તેમની ૫ માંગણીઓ માન્ય રાખી છે. મોટી સંખ્યામાં માજી સૈનિકો આજે હાથમાં તિરંગા સાથે ગાંધીનગર સચિવાલય ખાતે એકઠા થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના શહીદ જવાનોના આશ્રિતોને સરકાર દ્વારા મુખ્યમંત્રી જવાન રાહત ભંડોળમાંથી જે વિવિધ સહાયો ચુકવવામાં આવે છે તેની રકમમાં માતબર વધારો કરવાનો નિર્ણય લીધો છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ મુખ્યમંત્રીએ કરેલા આ નિર્ણયની વિગતો આપતા વધુમાં જણાવ્યું હતું કે, શહીદ થનારા જવાનોના કુટુંબીજનોને આ રાહત અને ગેલેન્ટરી એવોર્ડમાં વધારા સિવાય બાકીની અન્ય માંગણી અંગે એક ઉચ્ચ કક્ષાની સચિવોની કમિટિ વિચારણા કરશે અને તેનો અહેવાલ રાજ્ય સરકારને આપશે તેવા આદેશો કરવામાં આવ્યા છે.

**સરકાર દ્વારા પાંચ માંગણીનો સ્વીકાર**

શહીદ જવાનના પરિવારને ૧ કરોડની સહાય આપવી
શહીદ જવાનાના બાળકોને રૂ. ૫ હજાર શિક્ષણ સહાય આપવી
શહીદ જવાનના માતા-પિતાને માસિક રૂ. ૫ હજારની સહાય આપવી
અપંગ જવાનના કિસ્સામાં ૨.૫ લાખની આર્થિક સહાય અથવા મહિને ૫ હજારની સહાય આપવી
અપરણિત શહીદ જવાનના કિસ્સામાં માતા-પિતાને રૂ. ૫ લાખની સહાય આપવી

પ્રસંગોપાત હાલ માજી સૈનિકોને રાજ્ય સરકારની નોકરીઓમાં જે અનામત આપવામાં આવે છે તે મુજબ વર્ગ-૧ અને ૨ માટે ૧ ટકા, વર્ગ-૩ માટે ૧૦ ટકા અને વર્ગ-૪ માટે ૨૦ ટકા અપાય છે. જમીનની માંગણીને સંબંધ છે ત્યાં સુધી માજી સૈનિકોને તેમના કુટુંબનો જીવન નિર્વાહ ચલાવી શકે તે માટે ૧૬ એકર જમીન સાંથણીથી આપવામાં આવે છે તેની વિગતો પણ ગૃહ રાજય મંત્રીએ આપી હતી. માજી સૈનિકોની ૧૪ પડતર માંગણીઓ હતી કે શહીદ સૈનિકના પરિવારને રાજ્ય સરકાર દ્વારા ૧ કરોડની સહાય, શહીદ સૈનિકના દીકરા અથવા પરિવારના સભ્યને સરકારી નોકરી, શહીદના પરિવારને રાજ્ય સરકાર તરફથી પેન્શન, ગાંધીનગર ખાતે રાજ્ય લેવલનું શહીદ સ્મારક, શહીદ સ્મારકમાં માજી સૈનિકો માટે આરામ ગૃહની વ્યવસ્થા, વર્ગ-૧ અને વર્ગ-૪ સુધીની નિમણૂક વખતે માજી સૈનિકોને અપાતા અનામતનો ચુસ્ત અમલ, માજી સૈનિકને પરિવારના જીવનનિર્વાહ માટે ખેતીની જમીન આપવાના નિયમનો ચુસ્ત અમલ, રહેણાંક માટે પ્લોટની ફાળવણીના નિયમનો ચુસ્ત અમલ, દારૂ માટે ભારતીય સેનાએ આપેલી પરમિટ



માન્ય રાખવાની જોગવાઈ, કોન્ટ્રાક્ટ પદ્ધતિ રદ્દ કરીને સરકાર દ્વારા સીધી માજી સૈનિકની નિમણૂકની જોગવાઈ, હથિયાર લાયસન્સ રિન્યુ કરવા અને નવા લાયસન્સ લેવા તાત્કાલિક કાર્યવાહી, માજી સૈનિકના સામાજિક પ્રશ્નોને અગ્રતા આપી તાત્કાલિક નિરાકરણ, સેનાની નોકરીનો સમય ગાળો પુનઃ નોકરીમાં સળંગ ગણી પગાર રક્ષણ, ગુજરાત સરકારી સેવામાં ૫ વર્ષ ફિક્સ પગાર પ્રથા નાબૂદી, સરકારી નોકરીમાં રહેઠાણ નજીક નિમણૂક, ઉચ્ચ અભ્યાસમાં માજી સૈનિકના બાળકોને અનામત, માજી સૈનિકના બાળકોના અભ્યાસનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકારે ઉઠાવવો તેમજ માજી સૈનિકને વ્યવસાય વેરામાંથી મુક્તિ આપવાની માંગણી કરી હતી.



ચૂંટણી નજીક આવતા ભાજપમાં જોડાનારા આગેવાનો-નેતાઓની સંખ્યા વધવા માંડી છે. કોંગ્રેસના અગ્રણી નેતા મહેન્દ્રભાઈ બારૈયા વિધિવત્ રીતે ભાજપમાં જોડાયા હતા.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૬૯ કેસ

અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૧૬૯ કેસ સામે આવ્યા છે. આ દરમિયાન ૩૨૭ લોકો કોરોનાને માત આપી સાજા થયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી કોઈ મૃત્યુ નોંધાયું નથી. રાજ્યમાં નવા કેસની સાથે કુલ કેસની સંખ્યા ૧૨ લાખ ૬૭ હજાર ૯૪૯ થઈ ગઈ છે. ગુજરાતમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૯૯૯ લોકોના મોત થયા છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં ૪૫ કેસ સામે આવ્યા છે. વડોદરા શહેરમાં ૨૬, રાજકોટ શહેરમાં ૧૮, સુરત શહેરમાં ૧૨, સુરત ગ્રામ્યમાં ૮, વલસાડમાં ૮, બનાસકાંઠામાં ૬, વડોદરામાં ૬, ગાંધીનગર જિલ્લામાં ૭, મહેસાણામાં ૫, પંચમહાલમાં ૪, મોરબીમાં ૩, પાટણમાં ૩, ભરૂચ, ભાવનગર અને કચ્છમાં ૨-૨, જામનગર, અમદાવાદ ગ્રામ્ય, સાબરકાંઠા, તાપી, પોરપંદરમાં એક-એક કેસ સામે આવ્યો છે.

ગુજરાતમાં આજની તારીખે કોરોનાના એક્ટિવ કેસ ૨૧૨૯ છે, જેમાં ૧૯ દર્દી વેન્ટીલેટર પર છે. રાજ્યમાં કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૧૨૫૪૮૨૧ લોકો સાજા થયા છે. તો કોરોનાથી ૧૦૯૯૯ લોકોના મોત થયા છે. રાજ્યનો રિકવરી રેટ ૯૮.૯૬ ટકા છે. ગુજરાતમાં અત્યાર સુધી કોરોના રસીના ૧૨ કરોડ ૧૨ લાખ ૭૯ હજાર ૪૯૭ ડોઝ આપવામાં આવ્યા છે.

### હવામાન વિભાગની આગાહી : આગામી પાંચ દિવસ

# અમદાવાદ અને ગાંધીનગર સહીત અનેક વિસ્તારોમાં વરસાદ રહેશે

### દરિયામાં લો પ્રેશર સર્જાયું હોવાથી સિસ્ટમ સક્રિય બની હોવાનું હવામાન વિભાગ દ્વારા સત્તાવાર રીતે જાહેર થવા પામ્યું છે

ગાંધીનગર,તા.૨૨

રાજ્યમાં વરસાદ સ્થિતિને લઈને હવામાન વિભાગ દ્વારા વધુ એક વખત વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં પાંચ દિવસ દરમિયાન ગુજરાતમાં વરસાદ ધડબડાટી બોલાવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. વધુમાં આજથી ત્રણ દિવસ ભારે વરસાદનું જોર રહશે. આજે ઉત્તર ગુજરાત પર વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. વધુમાં અમદાવાદ અને ગાંધીનગરમા પણ આજે સામાન્ય વરસાદ વરશે તેવું હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.દરિયામાં લો પ્રેશર સર્જાયું હોવાથી વરસાદી સિસ્ટમ સક્રિય બની હોવાનું હવામાન વિભાગ દ્વારા સત્તાવાર રીતે જાહેર થવા પામ્યું છે. સમુદ્રમાં સક્રિય સિસ્ટમને લઈને વરસાદના જોરમાં વધારો થઈ શકે છે. આથી સલામતીના ભાગરુપે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી દેવામાં આવી છે. ત્રણ દિવસ બાદ વરસાદનું જોર ઘટશે. હવામાન વિભાગ દ્વારા રાજ્યના અરવવલ્લી, મહીસાગર પંથકમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં આવતીકાલે અમદાવાદમાં ભારે વરસાદ પડવાનું પણ જણાવાયું છે. વધુમાં હવામાન વિભાગ દ્વારા જણાવાયા અનુસાર આવતીકાલે બનાસકાંઠા, દાહોદ, પંચમહાલમાં પણ ભારે વરસાદ ત્રાટકી શકે છે. સાબરકાંઠા, પાટણ, સૌરાષ્ટ્ર કચ્છમાં પણ ભારે વરસાદ અને દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદની વકી રહેલી છે.

### એસ.વી.શાળામાં સ્વાતંત્ર દિવસની ઉજવણી



સર્વ વિધાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં સ્વાતંત્રદિનની ઉજવણી કરવામાં આવી હતી. નર્સરી, જૂનિયર કે. જી. અને સીનિયર કે. જી.ના બાળકોએ કેસરી, સફેદ, લીલા અને બ્લૂ રંગના ટી-શર્ટ પરિધાન કરી, શાળામાં હાજરી આપી હતી અને '૭૫' ના આકાર મુજબ તિરંગાની સુંદર રચના કરી, શિક્ષિકાઓએ બાળકોને સ્વાતંત્રદિનનું અને રાષ્ટ્રધ્વજનું મહત્વ સમજાવ્યું હતું અને રાષ્ટ્રધ્વજમાં રંગો પૂરવાની એક્ટિવિટી કરાવી હતી. આ તબક્કે શાળા પરિવારે પણ કેસરી, સફેદ અને લીલા રંગના વસ્ત્રો પરિધાન કરી, બાળકોને પ્રોત્સાહન આપ્યું હતું.

# વન્ડર સીમેન્ટ જીએસએલ ટેબલ ટેનિસ લીગની પ્રથમ આવૃત્તિમાં વિજેતા




અમદાવાદ, તા.૨૨

શાનદાર જીતની સાથે તાપ્તિ ટાઈગર્સ ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશન (જીએસટીટીએ) દ્વારા આયોજિત વન્ડર સીમેન્ટ જીએસએલ ટેબલ ટેનિસ લીગની પ્રથમ આવૃત્તિની ગૌરવપૂર્ણ વિજેતા તરીકે ઉભરી આવી છે. શામલ સ્ક્વૉડ - સુરત અને તાપ્તિ ટાઈગર્સના ખેલાડીઓની વચ્ચે અમદાવાદના એરેના બાય ટ્રાન્સ સ્ટેડિયા ખાતે શનિવાર - ૨૦ ઑગસ્ટના રોજ રમાયેલી ગ્રાન્ડ ફિનાલે છેક અંત સુધી અત્યંત રોમાંચક બની રહી હતી. ટૉપનૉચ અચીવર્સ, કટારિયા કિંગ્સ, તાપ્તિ ટાઈગર્સ અને શામલ સ્ક્વૉડ - સુરત એમ ચાર ટીમો ટૉપ અચીવર્સ તરીકે ઉભરી આવી હતી અને શનિવારના રોજ આ ટીમોની વચ્ચે શ્વાસ થંભાવી દેનારી મેચો રમાઈ હતી, જેમાં તેમણે બે ક્વૉલિફાયર રાઉન્ડ, એક એલિમિનેટર રાઉન્ડ અને ગ્રાન્ડ ફિનાલે રમી હતી. પ્રથમ ક્વૉલિફાયર રાઉન્ડ શામલ સ્ક્વૉડ અને ટૉપનૉચ અચીવર્સની વચ્ચે રમાયો હતો અને શામલ સ્ક્વૉડ તેના ઉત્કૃષ્ટ પર્ફોમન્સની મદદથી સીધી ફાઈનલમાં પહોંચી ગઈ હતી. બીજા ક્વૉલિફાયર રાઉન્ડમાં તાપ્તિ ટાઈગર્સે કટારિયા કિંગ્સને હરાવી દીધી હતી અને આખરે એલિમિનેટર રાઉન્ડમાં ટૉપનૉચ અચીવર્સને પણ હરાવી તેણેગ્રાન્ડ ફિનાલેમાં સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું અને ફાઈનલ મેચમાં ભવ્ય જીત હાંસલ કરી હતી. વ્યક્તિગત ખેલાડીઓ તથા વિજેતા ટીમ અને રનર-અપ ટીમોને તેમના રોમાંચક પ્રદર્શન બદલ રૂ. ૪.૫ લાખના રોકડ ઈનામો આપવામાં આવ્યાં હતાં. વ્યક્તિગત ખેલાડીઓને કુલ રૂ. ૭૫,૦૦૦ તથા વિજેતા અને રનર-અપ ટીમોને કુલ રૂ. ૩.૭૫ લાખ રૂપિયા આપવામાં આવ્યાં હતાં.

આ ખેલાડીઓ વચ્ચે રમાયેલો મેચોનો છેલ્લો રાઉન્ડ શ્વાસ થંભાવી દેનારો સાબિત થયો હતો અને તેમના સાથી ખેલાડીઓ અને સમર્થકોમાં છેલ્લી ઘડી સુધી ઉત્સુક્તા જળવાઈ રહી હતી. સ્વસ્તિકા ઘોષ અને નિત્યશ્રી મણી વચ્ચે રમાયેલી વિમેન્સ સિંગલ્સ મેચ ૧૧-૧૦ સ્કૉરની સાથે અત્યંત કટોકટી ભરેલી રહી હતી અને બંને મહિલા ખેલાડીઓએ છેક છેલ્લે સુધી જીતવા માટે એડીચોટીનું જોર લગાવી દીધું હતું. એસએફઆર સ્નેહિત અને અક્ષિત સાવલા વિરુદ્ધ માનવ ઠક્કર અને હર્ષિલ કોઠારી (૧૧-૧૦) વચ્ચે રમાયેલી ગ્રાન્ડ ફિનાલેની મેન્સ ડબલ્સ મેચમાં પણ કંઈક આવો જ રોમાંચ અનુભવવા મળ્યો હતો.

# સરકારી ભરતીની પરીક્ષા સમયસર લેવાશે:કેજરીવાલ

### હિંમતનગરમાં ફ્રી શિક્ષણ, સરકારી ભરતીમાં પેપર ફૂટવાના સહીત અનેક મુદ્દે ભાજપ સરકાર ઉપર પ્રહાર

સાબરકાંઠા,તા.૨૨

ગુજરાતમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી જીતવા માટે આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ સતત રાજ્યના પ્રવાસે આવી રહ્યાં છે. ગુજરાતમાં જુદી-જુદી જગ્યાએ લોકો સાથે સંવાદ કરી જનતાને મોટી-મોટી ગેરેન્ટી આપી રહ્યાં છે. આજે કેજરીવાલ અને મનીષ સિસોદિયા ગુજરાતના પ્રવાસે છે. અમદાવાદમાં પત્રકાર પરિષદ યોજ્યા બાદ હિંમતનગર પહોંચેલા કેજરીવાલે ગુજરાતની જનતાને વધુ કેટલીક ગેરેન્ટી આપી છે. અરવિંદ કેજરીવાલે રોજગારનો મુદ્દો ઉઠાવતા કહ્યું કે, અહીં રોજગાર નથી, કામ કરવા માટે નોકરી નથી. ગુજરાતની જનતાનો અવાજ સાંભળનાર કોઈ નથી. ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે, ૨૭ વર્ષથી તેનું શાસન છે પરંતુ ભાજપને કોઈ ચિંતા નથી. તેમણે કહ્યું કે દિલ્હીમાં ૧૨ લાખ લોકોને રોજગાર આપ્યો, દિલ્હી નાનું છે. ગુજરાત મોટું છે, ત્યાં વધારે લોકોને રોજગાર મળશે. કેજરીવાલે કહ્યું કે દરેકને નોકરી આપીશું. દિલ્હીના મુખ્યમંત્રીએ કહ્યું કે ૧૦ લાખ લોકોને સરકારી નોકરી આપવાની છે. અમે બધી ગણતરી કરીને રાખી છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી નોકરી નહીં મળે ત્યાં સુધી ૩ હજાર બેરોજગારી ભથ્થું આપવામાં આવશે. તો ૧૮ વર્ષથી મોટી ઉંમરની દરેક મહિલાઓને મહિને ૧ હજાર રૂપિયા આપવામાં આવશે.ગુજરાતમાં અત્યાર સુધી ઘણી સરકારી પરીક્ષાના પેપર ફૂટી ગયા છે. આ મુદ્દે રાજ્યભરમાં પરીક્ષા આપનાર ઉમેદવારોએ વિરોધ પણ કર્યો હતો.

ત્યારે કેજરીવાલે કહ્યું કે હવે કોઈ પેપર ફૂટશે નહીં. સમયસર પરીક્ષા લેવાશે. તેમણે ભાજપ પર હુમલો કરતા કહ્યું કે, જે પેપર લઈ શકતા નથી, તે શું સરકાર ચલાવશે. તેમણે કહ્યું કે હું રૂપિયા લૂંટીને સ્વિસ બેંકમાં લઈ જતો નથી.

જનતાના પૈસા જનતાને આપુ છું. અમને મત આપશો તો બાળકોનું ભવિષ્ય બનાવીશું. કેજરીવાલે હિંમતનગરમાં પણ સરકારી હોસ્પિટલનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે દરેકને ફ્રી સારવાર આપવામાં આવશે. દિલ્હીમાં મહોલ્લા ક્લિનિકમાં તમામ સારવાર અને દવા ફ્રી મળે છે. તેમણે કહ્યું કે અમારી સરકાર આવશે તો તમામ ટેસ્ટ, દવા અને મફત ઓપરેશન કરવામાં આવશે. અમે સરકારી હોસ્પિટલ એસી સાથે શાનદાર બનાવીશું.




# થરાદમાં યુવતીઓનો લાખોમાં સોદો કરતી ગેંગનો પર્દાફાશ

થરાદ તાલુકાના ડેલ ગામે યુવતીઓના લાખો રૂપિયા સોદા કરી અજાણ્યા પુરુષો સાથે વેચતી તસ્કરી ગેંગને ખાનગી બાતમી આધારે એએસપીએ ઝડપી પાડી હતી. ડેલ ગામે ગરીબ ઘરની યુવતીઓને લાવી અજાણ્યા પુરુષો સાથે સંપર્ક કરી લાખો રૂપિયામાં યુવતીઓ વેચવાનું કૌભાંડ ચાલતું હોવાની બાતમી નાયબ પોલીસ અધિક્ષક કચેરી ખાતે ફરજ બજાવતાં એએસપી પૂજા યાદવને મળી હતી. જેથી કચેરીના સ્ટાફ સાથે રેડ કરતાં ગુલાબબેન મફજી વાઘેલાના રહેણાંક ઘરેથી યુવતી મળી આવી હતી. જેની પૂછપરછ કરતાં લગ્નના સોદામાં વેચાણ અર્થે લાવેલ અજાણી ૧૭ વર્ષીય કિશોરી મૂળ રહે. લુણાવાડા, જિલ્લો-મહિસાગર છેલ્લા સાતેક વર્ષથી માતા પિતા સાથે નરોડા અમદાવાદ ખાતે રહેતી હતી.

આથી આ તસ્કરી ગેંગે યુવતીના માતા પિતાની આર્થિક મજબૂરીનો ફાયદો ઉઠાવી રૂપિયાની લાલચ આપી તાલુકાના ડેલ ગામે લાવી અજાણ્યા પુરુષો સાથે યુવતીને વીડિયો કોલ તેમજ રૂબરૂ બોલાવી વેચવાનો સોદો કરવામાં આવી રહ્યો હતો.પોલીસે તમામ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



શ્રાવણના અંતિમ સોમવાર અને અગિયારસના પવિત્ર દિવસે ભગવાન શિવ નો પ્રીય શ્રાવણ માસ અને શ્રીકૃષ્ણના પ્રીય અગીયારસ પર્વે વૈષ્ણવ શૃંગાર કરવામાં આવેલ હતો, સ્કંદ પુરાણમાં કહેવાયુ છે કે ભગવાન શિવના હૃદય સ્થાનમાં વિષ્ણુ ભગવાન બીરાજમાન છે, તેવી જ રીતે વિષ્ણુ ભગવાનના હૃદયમાં શિવ બીરાજમાન છે, જે બંન્ને દેવો વચ્ચે નો ગાઢ પ્રેમ દર્શાવે છે. આજે વૈષ્ણવ દર્શન શૃંગારમાં ભગવાન સોમનાથજીને શ્રીનાથજીનુ મુખ લગાવવામાં આવેલ, સાથે જ પ્રતિમા સ્વરૂપે વલ્લભાચાર્યજી, યમુને મહારાણીજી શૃંગારમાં રાખવામાં આવેલ. પીળા અને કેસરી ગલગોટા ગુલાબ પાંખડીઓ અને વિવિધ હારથી હરિહરનો સમન્વય એવો વૈષ્ણવ દર્શન શૃંગાર ખુબ જ અલૌકીક હતો, જેના દર્શનની ઝાંખીથી ભક્તો ધન્ય બન્યા હતા.

## ઓપન એર...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થાય તેમજ આમ નાગરિકો તેના તરફ આર્કષાય તે માટે નવતર આયોજન કરવામાં આવશે તેવી પણ આશ પ્રબળ બની છે. આ ઉપરાંત શહેરના રંગમંચો અને લગ્નવાડી પણ તબક્કાવાર કોર્પોરેશનને સોંપવામાં આવી રહ્યા છે. પાટનગર યોજના વિભાગ કક્ષાએથી સે-૧૨ ના રંગમંચનુ અગાઉ રીનોવેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. જેની પાછળ અંદાજિત રૂ ૭૦ લાખનો ખર્ચ કરાયો છે. જયારે આ રંગમંચ પણ હવે કોર્પોરેશનને સોંપી દેવામાં આવશે. જેના લીધે આગામી દિવસોમાં રંગમંચ અને ઓપન એર થિયેટરની જાળવણીનુ કામ પણ કોર્પોરેશન હસ્તક રહેશે. શહેરના સેકટરોમાં સ્થિત રંગમંચ અને લગ્નવાડીને નવા રૂપરંગ આપવામાં આવ્યા છે. જેના લીધે તહેવારે કે પ્રસંગોમાં સ્થાનિકોને ઓછા પૈસે સઘળી સુવિધાઓ મળી રહેતા સ્થાનિકોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે.

## આઠ માર્ગીય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઝુંડાલથી અડાલજ અને આગળ ત્રિમંદિર જતા ૮ કી મી ના માર્ગને ચારમાંથી આઠ માર્ગીય બનાવવા માટે અગાઉ દરખાસ્ત કરવામાં આવી હતી જયારે આ દરખાસ્તને રાજય સરકારે મંજુર કરી છે. હાલ આ માર્ગ ચાર માર્ગીય છે. માર્ગ મકાન વિભાગ કક્ષાએથી મંજુરી આપી દેવાયા બાદ આ માર્ગના વાઈડનીંગને અનુલક્ષી નકશા અને ડિઝાઈનની ટેકનિકલ કામગીરી હાથ ધરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં સૌ પ્રથમ ક્લોવરલીફ બ્રિજ નીચે અમદાવાદથી મહેસાણા જતા અડાલજના અન્ડર પાસને પણ પહોળો કરવામાં આવશે જે આ યોજના અન્વયે કામ કરવામાં આવશે. આ અગાઉ વિભાગ કક્ષાએથી વિભાગ દ્વારા અન્ડર પાસને પહોળો કરવા માટે મંજુરી આપવામાં આવી હતી જો કે આ કામગીરી પણ આ માર્ગ વાઈડનીંગના કામ હેઠળ આવરી લેવાશે. આ કાર્યયોજનાના અંતે અમદાવાદ અને મહેસાણા પાલનપુર સહીત ઉત્તર ગુજરાતના વિસ્તાર સાથે જોડાયેલા આ માર્ગ પર હાલ ટ્રાફિકનુ ભારણ વધુ છે જેના લીધે વાહનચાલકો પણ પરેશાન છે. જયારે હવે આ માર્ગ હાલ કરતા ડબલ પહોળો થશે જેના લીધે ટ્રાફિકની સમસ્યાનુ નિરાકરણ આવશે માર્ગ પર સલામતી જળવાશે તેમજ ટ્રાફિકની અવરજવર પણ સરળ બનશે.

## પાંચ લીફ્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બ્લોકમાં અવરજવર કરી શકશે. જુના સચિવાલયના અંદાજિત ૧૬ બ્લોકમાં વિકલાંગ માટે લીફટની સુવિધા ઉપલબ્ધ થશે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર આ લીફટમાં વિકલાંગો વ્હીલચેર સાથે જ પ્રવેશ કરી શકે તે મુજબની વ્યવસ્થા કરવામાં આવી છે. લીફટની વ્યવસ્થા ઉભી કરવા માટે નજીકના દિવસોમાં જ કામ શરૂ કરી દેવાશે.

## ધોવાણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મિડકેપ શેરોમાં પણ વ્યાપક વેચવાલી હતી. અમેરીકામ ફેડરલ રિઝર્વની બેઠક તા.૨૧ સપ્ટેમ્બરના રોજ છે ત્યારે સ્થાનિક મોંઘવારી આંશિક ઘટી હોવા છતાં ચાર દાયકાની સૌથી ઉંચી સપાટીએ છે એટલે વ્યાજના દર ચોક્કસ ૦.૫૦ ટકાથી ૦.૭૫ ટકા વધશે એવી આશા રાખવામાં આવી રહી છે. ભારતમાં પણ રિઝર્વ બેંકે મોંઘવારી મુશ્કેલી સર્જી શકે એમ છે અને વ્યાજના દર વધશે એવો સંકેત આપ્યો હોવાથી વ્યાજના દર વધવાથી જે કંપનીઓની કમાણીને અસર પહોંચે એ શેરોમાં ભારે વેચવાલી જોવા મળી છે. શેરબજારમાં જોખમ લગતા લોકો રોકડ તરફ વળી રહ્યા છે. રોકડની આ ગતિનો સંકેત અમેરિકન ડોલર છે. અમેરિકન ડોલર ઈન્ડેક્સ (ડોલરની વિશ્વના અન્ય છ ચલણ સામે મૂલ્ય નક્કી કરતો ઈન્ડેક્સ) ૧૦૮ની સપાટીએ હતો. ડોલર ઈન્ડેક્સ ગત સપ્તાહે બે વર્ષમાં સૌથી વધુ સાપ્તાહિક વધારા સાથે બંધ આવ્યો હતો જે સૂચવે છે કે ત્યારે નફો બંધી લોકો રોકડ એકત્ર કરી રહ્યા છે. સોમવારે પણ ભારતીય શેરબજારો ઘટાડા સાથે બંધ થયા હતા. સેન્સેક્સ અને નિફ્ટીમાં એક ટકાથી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો. વૈશ્વિક બજારોના નકારાત્મક વલણો અને બેંકિંગ શેરોમાં ભંગાણના કારણે શેરબજારો ઘટાડા સાથે બંધ થયા હતા. આજે નબળાઈ સાથે શરૂઆત કરેલો બીએસઈના ૩૦ શેરો વાળા પ્રમુખ સેન્સેક્સ ૮૭૨.૨૮ પોઈન્ટ અથવા ૧.૪૬ ટકાના ઘટાડા સાથે ૫૮,૭૭૩.૮૭ ના સ્તર પર બંધ થયા છે.

## લગામની તૈયારી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી લોન એપ્સ વ્યક્તિને તાત્કાલિક અને ઝડપી ઓનલાઈન લોન આપે છે.

જો કે એક વખત વ્યક્તિએ લોન લીધા બાદ આ લોન એપ્લિકેશનો તોતિંગ વ્યાજની ઉઘારણી કરી છે અને ન ચૂકવે તો તેની માનસિક હેરાનગતિ કરવામાં આવે છે. આ ઈન્સ્ટન્ટ લોન એપ્લિકેશનની જાળમાં ફસાયા બાદ ઘણા વ્યક્તિઓએ આત્મહત્યા કરી હોય તેવી ઘટનાઓ પણ સામે આવી છે.

એક પ્રાથમિક અંદાજ મુજબ લગભગ ૧૦૦૦ જેટલી ઈન્સ્ટન્ટ લોન એપ્લિકેશનો સંક્રિય છે જેમાંથી મોટાભાગની એપ્લિકેશન બહુ ઓછા સમયાંતર લોન્ચ કરાઈ છે. આવી લોન એપ્લિકેશન મારફતે ચીનમાં મોટું મની લોન્ડરિંગ થઈ રહ્યુ હોવાની પણ આશંકા છે. હૈદરાબાદ પોલિસીની એક રિપોર્ટ અનુસાર ચાર ફેક કંપનીઓ ચલાવતા એક ચીની નાગરિકે લગભગ ૨૧,૦૦ કરોડ રૂપિયાના ૧.૪ કરોડ ટ્રાન્ઝેક્શન કર્યા હતા.